# સ્વમાનનગર પ્રાથમિક શાળામાં શિક્ષિકાના ત્રાસથી હેરાન વાલીઓએ કરી તાળાબંધી

## બદલી નહી થાય ત્યાં સુધી તાળા નહી ખોલવાની ચિમકી : ડી.પી.ઈ.ઓ.એ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પાસે માંગ્યો રિપોર્ટ

પાલનપુરની સ્વમાનનગર પ્રાથમિક શાળામાં શિક્ષિકાના ત્રાસથી વાજ આવી જઈ વાલીઓએ શાળાને તાળાબંધી કરી હતી. વાલીઓએ શિક્ષિકાની બદલી નહીં થાય ત્યાં સુધી તાળાં નહીં ખોલવાની ચિમકી ઉચ્ચારતાં ચકચાર મચી જવા પામી છે.

આવ્યા છે. ત્યારે પાલનપુરના સ્વમાનનગરની વધુ એક શાળાને તાળાબંધી કરવાની ઘટના ઘટી છે. આ શાળામાં ફરજ બજાવતી એક શિક્ષિકા દ્વારા અસભ્ય વર્તન કરવાની સાથે બાળકોને હેરાન કરવામાં આવતા હોવાની, સ્કૂલમાં શિક્ષિકા મોડી આવતી હોવાની તથા ધમકીઓ





બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણનું સ્તર કથળતું જાય છે. જિલ્લામાં છેલ્લા ૩ મહિનામાં ૮ શાળાઓને તાળાબંધી કરવાના કિસ્સા પ્રકાશમાં આપતી હોવાના ગંભીર આક્ષેપ સાથે ગ્રામજનોએ સ્કૂલને તાળા બંધી કરતા શૈક્ષણિક કાર્ય ઠપ્પ થઈ ગયું હતું.

# ભિલોડા તાલુકાના ચુનાખાણ ગામમાંથી ૧૨ ફુટ લાંબો અજગર પકડાયો

ભિલોડા. તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ ગ્રામીણ વિસ્તારોમાં ઠેર-ઠેર ખેતરોમાંથી અજગરો નીકળવાનો સીલસીલો યથાવત છે.ખેડુતો અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.ચુનાખાણ ગામના સીમ વિસ્તારમાં રાત્રે અજગર જોવા મળ્યો હોવાની વાત વાયુ વેગે પ્રસરી હોવાના કારણે અજગરને જોવા માટે લોકોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા.ચુનાખાણ ગામના વિપુલભાઈ કુરાજી કલાસવાના ખેતર પાસેથી ૧૨ ફુટ લાંબો અજગર રાત્રે જોવા મળતાં ખેડુતોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.લોકોએ ભારે જહેમત ઉઠાવી અજગરને મહામુસીબતે પકડી લીધો હતો.૧૨ ફુટ લાંબા અજગરને કંતાનના કોથળામાં ભરી નિર્જન જંગલ વિસ્તારમાં સલામત રીતે છોડી દીધો હતો.ચુનાખાણ ગામમાં ખેડુતો,શ્રમજીવીઓ,પશુપાલકો અને પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો છે.



દુંદાળા દેવ વિઘ્નહર્તા ગણેશજીનું મહાપર્વ ગણેશોત્સવ અત્ર, તત્ર, સર્વત્ર ભારે ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. ત્યારે ઉંડાણના ગામડાઓમાં પણ હવે ગણેશોત્સવનો મહિમા વધ્યો છે. અમદાવાદ શહેરમાં ઠેર ઠેર ઉજવાતા વિઘ્નહર્તા દેવના આ પર્વની અવનવી ગણેશ મુર્તિઓ સ્થાપી ઉજવણી કરાઈ રહી છે. જેમાં રામદેવનગર ક્રોસ રોડ, સેટેલાઈટ વિસ્તારમાં નાનકડા પિત્તળના ગણપતિની સ્થાપના કરીને ગણેશોત્સવ ઉમંગે ઉજવાઈ રહ્યો છે.

# પાલનપુરમાં પાલિકાના વાહનની ટક્કરે મકાનની દિવાલ ધરાશાયી

પાલનપુરમાં ચોકઅપ થયેલી ગટરલાઈનો ખુલ્લી કરવા માટે જેટ મશીન દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. જે દરમિયાન ગુરૂવારે સાંજના સુમારે શહેરના સલેમપુરા વિસ્તારમાં જેટ મશીનનો ચાલક વાહન રિવર્સ લઈ રહ્યો હતો. ત્યારે એક મકાનની દિવાલને ટક્કર મારતાં દિવાલ ધરાશાયી થઈ ગઈ હતી. તેમજ એક મોટર સાયકલને પણ નૂકશાન થયું હતુ. જોકે, સદનશીબે કોઈ વ્યકિતને ઈજા થવા પામી ન હતી. ઘટનાને પગલે લોકોનું ટોળુ એકત્ર થઈ જવા પામ્યું હતુ.

# ગઢમાંથી દેશી બંદૂક ઝડપાઈ

બનાસકાંઠા જિલ્લા પોલીસવડા પ્રદિપ સેજુળની સૂચનાથી ગઢ પોલીસ મથકના પીએસઆઈ વી. આર. પટેલ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા. દરમિયાન બાતમીના આધારે ગઢ ગામની સીમમાં મગનભાઈ વાલાભાઈ પટેલના કુવા ઉપર રહેતા મુળ પાટણ જિલ્લાના સમી (મફતપુરા)ના લતીફ હુસેન સિંધીની રહેણાંક ઓરડીમાં તપાસ કરી હતી. જ્યાંથી દેશી બનાવટની એક નાળી ઉપર ભરવાની બંદુર મળી આવી હતી. જે કબ્જે લઈ લતીફ સિંધી સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગોઢમાંથી દેશી દારૂ-વોશનો જથ્થો ઝડપાયો

પાલનપુર તાલુકાના ગોઢ ગામમાં તાલુકા પોલીસે ઓચિંતી રેડ કરી હતી. જ્યાંથી દેશી દારૂ-વોસનો જથ્થો કબ્જે લઈ બે બુટલેગરો સામે કાર્યવાહી હાથ ધરી હતી. બનાસકાંઠા જિલ્લા પોલીસવડા પ્રદિપ સેજુળની સૂચનાથી પાલનપુર તાલુકા પીએસઆઈ એ. વાય. પટેલે સ્ટાફ સાથે પાલનપુર તાલુકાના ગોઢ ગામમાં ઓચિંતી રેડ કરી હતી. જ્યાં મધરાજસિહ કાકુસિહ ડાભીના કબજા ભોગવટાના ખેતરમાંથી રૂપિયા ૧૬૦૦ ના દેશી દારુ ગાળવાના વોશ ભરેલા ૨ પ્લાસ્ટિક ના બેરલ ૪૦૦ લીટર તેમજ જગતસિંહ ગુમાનસિહ ડાભીના કબજા ભોગવટાના ખેતરમાંથી રૂપિયા ૧૬૦૦નો દેશી દારુ ગાળવાના વોશ ભરેલા ૨૦૦ લિટરના પ્લાસ્ટિકના ૩ બેરલ તથા ૫૦૦ લિટરના પ્લાસ્ટિકના કુલ ૨ મળી કુલ રૂપિયા ૮૦૦૦નો દેશી દારૂ- વોશ મળી આવ્યો હતો.

# મહેરૂ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને તિથિ ભોજન

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મહેરૂ ગામની મહેરૂ પ્રાથમીક શાળાના શિક્ષકો ભરભાઈ એસ.બોડાત,બાબુભાઈ કે.કળબ ધ્વારા વિદ્યાર્થીઓને તિથી ભોજન આપવામાં આવ્યું હતું.મહેરૂ પ્રાથમીક શાળા આચાર્ય અશ્વિનભાઈ એન.પરમાર,સ્ટાફ પરીવારએ સેવાભાવી બે શિક્ષકોને બિરદાવ્યા હતા.મહેરૂ પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓને તિથિ ભોજન આપવામાં આવતાં વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# અરવલ્લી જિલ્લાના ઉમેદપુર દધાલીયા ગામે ૨૩ સપ્ટેમ્બરે ખંડુજી મહાદેવનો ભવ્ય મેળો ભરાશે

## અરવલ્લી અને સાબરકાઠા જીલ્લાના હજારોની સંખ્યામાં લોકો દર્શન કરવા માટે ઉમટી પડશે

અરવલ્લી, સાબરકાંઠા અને મહીસાગર જિલ્લાના લોકો માટે આસ્થાના કેન્દ્ર સમાન ખંડુજી મહાદેવના મેળાના ગણતરીના હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. આ વર્ષે ભાદરવા મહિનાના બીજા રવિવાર એટલે કે ૨૩ સપ્ટેમ્બરના રોજ મેળો ભરાશે જેને સહકારી આગેવાનો પણ મોટી સંખ્યામાં આવે તેવી શક્યતાઓ છે. લોકો મોટી સંખ્યામાં મેળાની મજા માણશે. બાળકો વડીલો સહુ આ



દિવસો બાકી છે ત્યારે ઉમેદપુર ગામના ગ્રામજનો દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ઉમેદપુર ગામે આવેલા ખંડુજી મહાદેવના મંદિરે પ્રતિવર્ષ ભાદરવા મહિનાના બીજા રવિવારે સદીઓથી મેળો ભરાય છે. જ્યાં લઈને ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે પણ મંદિરની મુલાકાત લીધી હતી અને મેળાની તૈયારીઓને લઈને ગામજનો સાથે નિરીક્ષણ કર્યુ હતું. ઉલ્લેખનીય છેકે ૨૩ સપ્ટેમ્બર ના રોજ મેળામાં જિલ્લા ભાજપ, કોંગ્રેસના નેતાઓ સહિત મેળામાં આવી ખંડુંજી મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવશે. ખાસ વાત તો એ છેકે આ ઉમેદપુર ગામની એકતા એજ ગામની આત્મા છે. જેથી ઉમેદપુર ગામ પોતાની એકતાને લઈને હમેશા વખણાતું આવ્યું છે.



## અરવલ્લી જિલ્લામાં માઈ ભક્તોને આવકારવા વિસામા સજ્જ બન્યા

ભાદરવી પુનમે જગદજનની માં અંબેના દર્શનાર્થે મોટી સંખ્યામાં રાજ્યભરના અને રાજ્ય બહારના માઈભક્તો પગપાળા પદયાત્રા યોજી અંબાજી પહોંચતા હોય છે. અરવલ્લી જીલ્લાના માર્ગો પરથી પસાર થતા પદયાત્રીઓને કોઈ તકલીફ ન પડે તે માટે ઠેર ઠેર વિસામા ઉભા કરવામાં આવ્યા છે. વિસામામાં પદયાત્રીઓ માટે ચા-નાસ્તા રહેવા જમવા અને ગરમ પાણીની અને આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરવાની સાથે માઈ ભક્તોને વિસામાનો લાભ લેવા પ્રેમપૂર્વક આગ્રહ કરવામાં આવે છે. મોડાસાના માલપુર રોડ પર બગીચા વિસ્તારના દુકાનદારો અને યુવાનો દ્વારા ચા-નાસ્તાનો વિસામો ઉભો કરી માઈ ભક્તોની સેવા કરવા સતત ખડેપગે ઉભા રહી સેવાકાર્યમાં જોતરાયા હતા.

# શામળાજી પોલીસે ટાટા ઈન્ડિકા કાર સહિત બે બુટલેગરોને દબોચી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૧૫

અરવલ્લી જીલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટિલના માર્ગદર્શન હેઠળ જીલ્લા ટાટા ઈન્ડિકા કારમાંથી રૂ. ૩૬૫૦૦નો ભારતીય બનાવતો દારૂ જપ્ત કરી ૨ ઈસમોની ધરપકડ કરી કુલ રૂ. ૨૩૬૫૦૦નો



પોલીસતંત્ર દ્વારા દારૂબંધીની અમલવારી માટે શખ્ત કાર્યવાહી કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક બાતમીના આધારે મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પોલીસે પંથકના તમામ માર્ગો પર સઘન પેટ્રોલિંગ અને વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા રતનપુર નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા અને બાતમી આધારે તપાસ હાથ ધરાતા રાજસ્થાન તરફથી આવતી ટાટા ઈન્ડિકા (ગાડી. નં-જીજે.૦૧ આરપી.૪૧૯૭)ને અટકાવી તલાસી લેતા કારમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટની ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૬૭ કિં. રૂ. ૩૩૫૦૦ ઝડપી પાડી કારચાલક ઈશ્વરસિંહ કિશોરસિંહ ચૌહાણ (રહે. સોનીની ચાલી, ઓઢવ, અમદાવાદ) અને મકનસિન્હ માધુસિંહ ચૌહાણ (રહે. ઢોસાવાળા રેસ્ટોરન્ટ, સોલા, અમદાવાદ)ની ધરપકડ કરી મોબાઈલ નંગ-૨ કિં. રૂ. ૩૦૦૦ તથા કારની કિં. રૂ. ૨૦૦૦૦૦ મળી કુલ રૂ.૨૩૬૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓ સામે શામળાજી પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા બ્રહ્મ ચિંતન શિબિર યોજાઈ

ભિલોડા,તા.૧૫

સમગ્ર બ્રહ્મસમાજ ગુજરાત ધ્વારા સ્વામીનારાયણ ગુરૂકુલ વિશ્વ વિદ્યાલયમાં બ્રહ્મચિંતન શિબિરનું આયોજન કરાયું હતું. આ શિબિરમાં યુવાસત્ર, મહિલાસત્ર, ધર્મ ક્ષેત્રે સમાજ અને રાજકીય ક્ષેત્રે સમાજ વિગેરે મુદ્દાઓ પર ચિંતન કરવામાં આવ્યું હતું. શિબિરમાં હિંમતનગર બ્રહ્મ સમાજ વતી બ્રહ્મ સમાજ, હિંમતનગર પુર્વ પ્રમુખ અતુલભાઈ દીક્ષીતએ રાજકીય ક્ષેત્રે યુવાવર્ગને આગળ વધવા માર્ગદર્શન આપ્યુ હતું. બિન અનામત આયોગના ઉપાધ્યક્ષ રશ્મીકાંતભાઈ પંડ્યાનું સન્માન કરવામાં આવ્યું હતું. રાજ્યકક્ષા શિક્ષણ મંત્રી વિભાવરીબેન દવે શૈક્ષણિક ક્ષેત્રે અને રાજકીય ક્ષેત્રે સમાજ તે મુદ્દા ઉપર ચર્ચા કરી હતી.શિબિરમાં બ્રહ્મ સમાજ હિંમતનગર પ્રમુખ પ્રફુલ્લભાઈ વ્યાસ, મહામંત્રી મુકેશભાઈ જાની, મનોજભાઈ પુરોહિત, નિમેષભાઈ ત્રિવેદી,જયંતભાઈ જોષી સહિત ગુજરાતભરમાંથી અંદાજીત ૨૦,૦૦૦ થી વધુ બ્રહ્મબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા દ્વારા શ્રમજીવીને હાથલારી અર્પણ

ભિલોડા,તા.૧૫

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા શ્રમજીવીને હાથલારી અર્પણ કરાતાં શ્રમજીવી પરીવારમાં આનંદની લાગણી પ્રસરી હતી. ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખા ધ્વારા જરૂરીયાતમંદોને આર્થિક સહાય કરી પગભર કરવાના આશયથી હાથલારી ચલાવી પરીવારનું ગુજરાન ચલાવતા રમણભાઈ ગલજીભાઈ તરારને હાથલારી અર્પણ કરવામાં આવી હતી. ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ જગદીશભાઈ પટેલ,મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, ઉપપ્રમુખ હર્ષદભાઈ સોની, રામઅવતાર શર્મા, ઉર્વશીબેન બરંડા સહિત હોદ્દેદારો, કારોબારી સભ્યો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# અંબાજી મેળા માટે હિંમતનગર વિભાગની ૨૦૦ બસો દોડાવાશે

હિંમતનગર, તા. ૧૫

દર વર્ષે ભાદરવી પુનમ નિમિત્તે યાત્રાધામ અંબાજી ખાતે દેશભરમાંથી અનેક યાત્રાળુઓ દર્શન કરવા માટે આવે છે ત્યારે આ વર્ષે તા. ૧૯ થી ૨૫ સપ્ટેમ્બર દરમ્યાન અંબાજીમાં યોજાનાર આ લોકમેળા દરમ્યાન યાત્રાળુઓ સલામત રીતે અવરજવર કરી શકે તે આશયથી એસ.ટી.નિગમ દ્વારા ૧૨૦૦ બસો અંબાજી મેળા દરમ્યાન દોડાવવાનો નિર્ણય લેવાયો છે ત્યારે તેમાં હિંમતનગર ડીવીઝન દ્વારા ૨૦૦ બસો દોડાવાશે.

# ઈટાવડીમાં વિકાસ કામોમાં થયેલા ભ્રષ્ટ્રાચાર બાબતે તપાસ ન થતાં ગ્રામજનોમાં રોષ

## કલેક્ટર અને અન્ય અધિકારીઓને રજુઆત કરાઈ હોવા છતાં પરિણામ શૂન્ય

હિંમતનગર, તા. ૧૫

વિજયનગર તાલુકાના ઈટાવડી ગામે સ્થાનિક સત્તાધિશો તથા પદાધિકારીઓ દ્વારા ગામના વિકાસ માટે કરાયેલા કામોમાં ભ્રષ્ટ્રાચાર થયો હોવા છતાં તેની તપાસ માટે તંત્ર દ્વારા સેવવામાં આવી રહેલા દુર્લક્ષથી ગ્રામજનોમાં ભારોભાર નારાજગી પ્રસરી છે. જેથી જિલ્લાના અધિકારીઓએ આ દિશામાં તપાસ કરવી જોઈએ.

આ અંગે ઈટાવડી ગામના જાગૃત નાગરિકોના જણાવાયા મુજબ સ્થાનિક પંચાયતના પદાધિકારીઓ દ્વારા ગમે તે કારણોસર વિકાસકામોમાં ગેરરીતી થતી હોવાની બુમરાણ મચતા તાજેતરમાં આ અંગે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી અને કલેક્ટરને લેખિત રજુઆત કરવામાં આવી હોવા છતાં ગામમાં કોઈ તપાસ કરવામાં આવી નથી.

ગ્રામજનોએ કરેલા આક્ષેપ મુજબ ઈટાવડી ગામમાં પંચાયત દ્વારા બનાવાયેલ પાંચ રોડ તથા બોર મોટરની ખરીદીમાં ભ્રષ્ટ્રાચાર થયો હોવાની શક્યતા છે.

પંચાયતના પદાધિકારીઓ તથા કોન્ટ્રાકટરની મીલીભગતને કારણે વિકાસકામોમાં વેઠ ઉતારાઈ હોય તેમ મનાઈ રહ્યુ છે. જેથી ઉચ્ચ અધિકારીઓએ સ્થળ તપાસ કરીને જો ભ્રષ્ટ્રાચારના આક્ષેપો સાચા નિકળે તો કસુરવારો સામે સખ્ત કાર્યવાહી કરવી જોઈએ જો તંત્ર દ્વારા સત્વરે તપાસ નહી થાય તો ગ્રામજનો આંદોલન કરશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.




અરવલ્લી જિલ્લામાંથી રામદેવ સેવા સમિતિ મોટી ઈસરોલ દ્વારા સંચાલિત પોસાલીયા રામ રસોડામાં ઉપસ્થિત મોડાસા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, સાબરડેરી સપુરવાઈઝર હેમંતભાઈ પટેલ, બાયલ ઢાંખરોલ અશોકભાઈ પટેલ, રાજુભાઈ પટેલનું વિસામામાં સંચાલક અને કાર્યકર્તાઓ દ્વારા ફુલહારથી સ્વાગત કરવામા આવ્યું હતું.

# પ્રાંતિજ ખાતે સ્વપચ ઋષિ બાપાનો વરઘોડો નિકળ્યો

## ભકતો દ્વારા ઋષિબાપાની ઘરે ઘરે પધરામણી કરી આરતી ઉતારી ધન્યતા અનુભવી આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદ તથા બજરંગ દળના કાર્યકરો ઉપસ્થિત રહ્યાં

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગલેચી ભાગોળ વિસ્તારમાં



આવેલ સ્વપચ ઋષિ મંદિરથી પૂ. સ્વપચ ઋષિ બાપાનો ૬૨ મો વરઘોડો નિકળ્યો હતો.

પ્રાંતિજ ખાતે દરવર્ષની જેમ આ વર્ષે પણ સ્વપચ ઋષિ સમાજ દ્વારા રૂષિપંચમીનો મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ભાદરવાસુદ-૫ ને તા.૧૪-૯-૨૦૧૮ને શુક્રવારના રોજ ઋષિ મંદિરથી બપોર પછી ઋષિબાપાનો પાલખી સ્વરૂપે વરઘોડો કાઢવામાં આવ્યો હતો.

જેમાં ભકતોના ઘરે ઘરે બાપાની પધરામણી કરાવવામાં આવી હતી અને ભકતો દ્વારા આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદ તથા બજરંગ દળના કાર્યકરો સુનિલદાસજી મહંત સહિત ઉપસ્થિત રહ્યાં હતા. પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતા રૂષિ સમાજના હજારો લોકો મોટી સંખ્યામાં વરઘોડામાં ઉપસ્થિત રહ્યાં હતા.



## રામસણ મહાદેવના મઠથી રાણુંજા જવા માટે સંઘ રવાના

રામસણ મહાદેવ ના મઠ થી રાણુંજા જવા માટે સંઘ રવાના થયો હતો જેમાં મઠ ના મહંત પણ પેદલ રાણુંજા જતા હોવાથી ગામલોકો અને ખુબજ ઉત્સાહ સાથે સંઘ ને પ્રયાણ કરાયું હતું તો બીજી તરફ રસ્તા માં આવતા ગામલોકોએ સંઘનું સ્વાગત કર્યુ હતું. ભાદરવા મહિના ખુબજ મોટી સંખ્યા માં ગુજરાત ના લોકો રાજેસ્થાન માં આવેલ રાણુંજા ધામે ચાલતા જાય છે અને વિવિધ સંઘો પણ રાણુંજા જતા હોય છે તયારે આજે રામસણ ગામના ધોરે આવેલો ડેલનાથ મહાદેવ મંદિર ના મહંત સહિત મોટી સંખ્યા માં લોકો નો સંઘ રાણુંજા જાવા માટે પ્રયાણ કર્યુ હતું ત્યારે વિશાળ સંખ્યા માં ગામ લોકોએ ભેગા મળી સંઘ ને પ્રયાણ કરાયું હતું તો બીજી તારફ ચોરા ગામે પણ આ સંઘ નું ખુબજ ઉત્સાહ સાથે સામૈયું કરવામાં આવ્યું હતું સંઘ ના લોકો ને ચા નાસ્તો કરવી ગામ લોકોએ ધન્યતા અનુભવી હતી.